ગોત્રી હોસ્પિટલની નર્સ બહેનોએ દર્દીઓને જ ભાઈ ગણી રાખડી બાંધી

ડો.ચેતના એ સામે ચાલીને કોવિડ વોર્ડમાં ફિજીયોથેરાપીની સેવાઓ આપવાનું સ્વીકાર્યું

વડોદરા તા.૦૪

રક્ષા બંધન એ લાગણીઓ અને સંવેદનાનું પર્વ છે.સામાન્ય પરંપરા આ તહેવારમાં બહેનો ભાઈઓને રાખડી બાંધી તેમનું ક્ષેમકુશળ ઈચ્છે તેવી છે. પરંતુ આ પર્વે માતા પુત્રને,સંતાનો માતા પિતાને,વૃક્ષોને કાચા સુતરના તાંતણા જેવી રાખડી બાંધી તેમના ભલાની, રક્ષાની શુભકામના કરીને તહેવારની ભાવના વ્યાપક બનાવી શકાય છે.

હાલમાં કોરોનો સંકટ કાળ ચાલી રહ્યો છે ત્યારે શહેરના બે સરકારી દવાખાનાઓમાં ઘટેલી બે ઘટનાઓએ રક્ષા બંધનની ભાવનાને નવા આયામો આપ્યાં છે. પ્રથમ ઘટના એ છે કે કોરોના નું નામ પડતાં ડર નો માહોલ સર્જાય એવા વાતાવરણ માં ડો.ચેતના એ સામે ચાલીને કોવિડ ની કામગીરી સ્વીકારી છે.તેઓ સયાજી હોસ્પિટલના સિનિયર ફિઝિયોથેરાપિસ્ટ છે. તેમણે કોવિડ વોર્ડમાં કામ કરવાની તૈયારી બતાવતા ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવે એમને ઇન્ચાર્જ તરીકે નિયુક્ત કર્યા છે.યાદ રહે કે સારવાર હેઠળના કોવિડ ના દર્દીઓને વિવિધ કસરતો કરાવવા થી તેમની તાજગી અને સ્ફૂર્તિ વધે છે અને સાજા થવાની પ્રક્રિયાને વેગ મળે છે. ડો.ચેતના આજ થી કોવિડ દર્દીઓને જરૂરી વ્યાયામ કરાવી જાણે કે સાવ નોખી રીતે રક્ષા બંધન ની શુભકામનાઓ પાઠવી છે.બીજો કિસ્સો ગોત્રી જી.એમ.ઇ.આર.એસ. હોસ્પિટલનો છે.અહીંના કોવિડ વોર્ડમાં ફરજ બજાવતી નર્સ બહેનો સંક્રમણ અટકાવવાની તકેદારી રૂપે પોતાના પરિવાર થી સ્વેચ્છાએ દૂર રહે છે.એટલે આજના રક્ષા બંધન પર્વે પોતાના ભાઈઓને રાખડી બાંધી શકે તેમ ન હતી. અહીંના હેડ નર્સ કવિતા પરીખ ઠક્કરે જણાવ્યું કે આજે રાખડી પૂનમ હતી અને અમે અમારા ભાઈઓને રાખડી બાંધવા જવાની સ્થિતિ માં ન હતા.એટલે અમે સારવાર હેઠળના દર્દીઓને જ ભાઈ ગણી,એમને રાખડી બાંધી,અમારી ફરજના સ્થળે જ પર્વની ઉજવણી કરી છે.અહી ના તમામ દર્દીઓ સાજા અને સારા થઈને જાય એ જ શુભકામનાઓ અમે પાઠવી છે. નિર્મળ સ્નેહના પવિત્ર પર્વ ને ફરજ સાથે જોડીને નવો આયામ આપનારી આ કર્મયોગી બહેનો સાચે જ અભિનંદન ને પાત્ર છે.

ભરતસિંહે કોરોનાને મ્હાત આપી, છતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી નથી

અમદાવાદ,તા.૪

રાજ્યમાં કોરોના વાયરસની જોરદાર મહામારી ચાલી રહી છે. અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં સામાન્ય માણસોથી રાજનેતાઓને કોરોનાએ પોતાનો શિકાર બનાવ્યા છે. તેમાં કેટલાંયે નેતાઓ અને લોકો મોતને ભેટ્યા છે, જ્યારે અમુક કિસ્સામાં કોરોનાને મ્હાત પણ આપી ચૂક્યા છે. કોરોનાએ સૌથી વધુ ગુજરાત કોંગ્રેસના નેતાઓને બનાવ્યા છે. ત્યારે આજે ગુજરાત કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકીને લઈને સારા સમાચાર સામે આવી રહ્યા છે. ભરતસિંહ સોલંકીએ કોરોનાને મ્હાત આપી દીધી છે. પરંતુ ભરતસિંહે કોરોનાને મ્હાત આપી હોવા છતાં હોસ્પિટલમાંથી તેમને રજા આપવામાં આવી નથી. ભરતસિંહ સોલંકીની હાલ તબિયત હજુ પણ નાજુક બતાવવામાં આવી છે. ભરતસિંહને હોસ્પિટલમાં કોરોનામાં એન્ટિબાયોટિક દવાની અસર તેઓની કિડની પર થતાં તેઓને હોસ્પિટલમાં રહેવાની ફરજ પડાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોના મહામારી વચ્ચે રાજ્યમાં અત્યાર સુધીમાં ૮ ધારાસભ્ય, એક પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ કેન્દ્રીયમંત્રી કોરોનાગ્રસ્ત થઈ ચૂક્યા છે. બનાસકાંઠાના કોંગી ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીનો પણ કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા તેમને પણ સિમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ પહેલા કોંગી ધારાસભ્યો ચિરાગ કાલરીયા, ઈમરાન ખેડાવાલા, ગેનીબેન ઠાકોર અને ભાજપના ધારાસભ્યો વી.ડી. ઝાલાવડીયા, જગદીશ પંચાલ, બલરામ થાવાણી, કિશોર ચૌહાણ તેમજ પૂર્વ મુખ્યપ્રધાન શંકરસિંહ વાઘેલા કોરોના સંક્રમિત થયા હતા. જોકે ભરતસિંહ અને કાંતિભાઈ સિવાય તમામ નેતાઓએ કોરોનાને મ્હાત આપી છે. અહીં નોંધવું ઘટે કે, રવિવારે ગાંધીનગરમાં કોંગ્રેસાના ધારાસભ્ય સીજે ચાવડાને પણ કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેના કારણે તેમના સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં પાંચ સ્થળોએ શ્રાવણીયો જૂગાર રમતા ૩૦ શખ્સોની ધરપકડ

વડોદરા,તા.૪

પોલીસે ચાર સ્થળોએ દરોડા પાડી શ્રાવણીયો જૂગાર રમતા ૧૬ શખ્સોની ધરપકડ કરી હતી. વાહન, રોકડ મોબાઇલ ફોન પત્તાપાના સહિત અંદાજે રુપિયા સવા લાખનો મુદામાલ કબ્જે લીધો હતો. જૂગાર ધારા હેઠળ તમામની ધરપકડ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર માંજલપુર સાંઇનાથનગરમાં સાંજના સમયે જાહેરમાં જૂગાર ધમધમતો હોવાની મળેલી બાતમીના આધારે પોલીસે ઓચિંતો દરોડો પાડી બે શખ્સોને દબોચી લીધા હતા. અંગ જડતી તથા દાવ પરથી રોકડ મોબાઇલ ફોન પત્તાપાના તથા દ્વિચક્રી વાહન સહિત અંદાજે રુપીયા ૮૭ હજારનો મુદામાલ કબ્જે લીધો હતો. માંજલપુર પોલીસે જૂગાર ધારા હેઠળ મયુર નટવરભાઇ વસાવા તથા ચંદ્રકાંત ડાહ્યાભાઇ પટેલની ધરપકડ કરી હતી.

બીજા બનાવમાં મકરપુરા ડેપો પાછળ નારાયણનગર સોસાયટીના મકાનની સામે ઓટલા પર જૂગાર રમાતો હોવાની મળેલી બાતમીના આધારે પોલીસે ઓચિંતો દરોડો પાડયો હતા. જુગાર રમતા આઠ શખ્સોને દબોચી લઇ પોલીસે રોકડ મોબાઇલ ફોન પત્તાપાના સહિત અંદાજે રુપીયા ૧૯ હજારનો મુદામાલ કબ્જે લીધો હતો. મકરપુરા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે શૈલેષ જીવણભાઇ માછી, અશોક શશીકાંત પટેલ, દિવ્યાંગ માછી, ઇમરાન મુનીરભાઇ શેખ, કમલેશ જગદીશભાઇ મિસ્ત્રી, યોગેશ લલ્લુભાઇ માછી, દિનેશ મફતભાઇ માછી તથા સંતોષ શાંતારામ આમલેની ધરપકડ કરી હતી.

ત્રીજા બનાવમાં જવાહરનગર પોલીસે બાતમીના આધારે બાજવા રોડ ગીરીરાજ રેસીડન્સી સામે ખુલ્લામાં રમાતા જુગાર પર દરોડો પાડયો હતો. પોલીસે જુગાર રમતા ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. અંગ જડતી તથા દાવ પરથી રોકડ પત્તા પાના મોબાઇલ ફોન સહિત અંદાજે રુપીયા ૧૦ હજારથી વધુનો મુદામાલ કબ્જે લીધો હતો. જવાહરનગર પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવતા પોલીસે ઇરફાન અલ્લારખા ખલ્યાણી, હિતેશ નટુભાઇ વાઘેલા તથા વિજય ધીરુભાઇ શિહોરાની ધરપકડ કરી હતી.

ચોથા બનાવમાં દશરથ ગામ ખેતરની શેઢે રમાતા જુગાર પર પોલીસ ત્રાટકી હતી. પોલીસે જૂગાર રમતા ત્રણ શખ્સોને રંગેહાથ પકડી લીધા હતા. અંગ જડતી તથા દાવ પરથી રોકડ પત્તાપાના મોબાઇલ ફોન સહિત અંદાજે રુપિયા સાડા સાત હજારનો મુદામાલ કબ્જે લીધો હતો. છાણી પોલીસે જૂગાર ધારા હેઠળ અજય ચંદુ સોલંકી, જયંતિ કાળીદાસ રાવળ તથા દિનેશ રમણ પરમારની ધરપકડ કરી હતી.

પાંચમા બનાવમાં માંજલપુર કલાલી ફાટક પાસે ખૂલ્લી ખેતરમાં ધમધમતા જૂગાર પર પોલીસ ત્રાટકી હતી. પોલીસે ૧૪ શખ્સોની અટકાયત કર્યા પછી અંગ જડતી દાવ પરથી રોકડ મોબાઇલ ફોન દ્વિચક્રી વાહનો નંગ-૫ સહિત અંદાજે રુપીયા પોણા બે લાખનો મુદામાલ કબ્જે લીધો હતો. માંજલપુર પોલીસે તમામની ધરપકડ કરી હતી.

રામ મંદિરના ભૂમિ પૂજન માટે 'જય શ્રીરામ'ના નારા સાથે ગુજરાતના સાધુ સંતો અયોધ્યા જવા રવાના

અમદાવાદ,તા.૪

આવતીકાલે એટલે ૫ ઓગસ્ટે અયોધ્યામાં ઐતહાસિક ક્ષણ બનવા જઈ રહી છે. જેની કેટલાય વર્ષોથી રાહ જોવામાં આવી રહી છે તે ક્ષણ હવે આવી ચૂકી છે. જે ક્ષણ ના સાક્ષી ગુજરાતના સાધુ સંતો પણ બનવા જઈ રહ્યા છે. ગુજરાતમાં સાત જેટલા સાધુ સંતોને રામ મંદિરના ભૂમિ પૂજનમાં હાજર રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. જે સાધુ સંતો આજે અમદાવાદ થી અયોધ્યા જવા માટે રવાના થયા છે. અયોધ્યા ખાતે રામ જન્મભૂમિ પૂજા કાર્યક્રમમાં દેશના કેટલાક નેતાઓ, સંતો, મહંતો અને ધાર્મિક ગુરુઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. જેમાં ગુજરાતમાંથી આણંદ સરસાના અવિચલ દાસજી મહારાજ, રાજકોટના પરમાત્મા નંદજી મહારાજ, પ્રણમી સંત સંપ્રદાયના કૃષ્ણ મનીજી મહારાજ, ઝાંઝરકાના શંભૂનાથજી મહારાજ, છારોડી ગુરુકુળના માધવપ્રિયદાસજી મહારાજ અને અખિલેશદાસજી મહારાજ સહિતના સાધુસંતોનો સમાવેશ થાય છે.

જોકે, મહત્વ ની વાત તો એ છે, કે આચાર્ય સભા દ્વારા સાત કિલો ચાંદી પણ આપવામાં આવશે. જે ચાંદી તેઓ અહીંથી તેમની સાથે લઈ ગયા છે. અયોધ્યા જતા સાધુ સંતોની સાથે મોટી સંખ્યામાં વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તા અને હોદેદારો પણ એરપોર્ટ પહોંચ્યા હતા. જ્યા તેમણે જયશ્રી રામના નારાથી એરપોર્ટ ગુંજાવી દીધુ હતુ. રામ મંદિરના ભૂમિ પૂજનથી લોકોમાં ભારે ઉત્સાહ અને આનંદની લાગણી જોવા મળી રહી છે.

ગુજરાતના પૂર્વ સાંસદ શંભુનાથ ટુંડિયાએ જણાવ્યું હતું કે વિશ્વ હિન્દુ પરિષદ અધિકાર સમિતિ અને હિંદુ ધર્મ કાર્ય સભાના માધ્યમથી ગુજરાતમાંથી સંતો અયોધ્યા જઈ રહ્યાં છે. આ સમગ્ર દેશ માટે એક મોટો પ્રસંગ છે જ્યારે ગુજરાત તરફથી અમે સાધુસંતો ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીશું. સાથે જ શંભુનાથ ટુંડિયા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.ટુંડિયાએ વધુમાં જણાવ્યું હતું કે અયોધ્યામાં રામમંદિર શિલાન્યાસ કાર્યક્રમમાં જવાનું અમને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહને અભિનંદન પાઠવીએ છીએ કે તેમના કાર્યકાળ દરમિયાન રામમંદિર બનવાનું સ્વપન સાકાર થઇ રહ્યું છે.

આ હિન્દુસ્તાન અને સમગ્ર હિન્દુ સમાજના ગૌરવવંતો કાર્યક્રમ છે. ટુંડિયાએ ભગવાન રામને યાદ કરતાં જણાવ્યું હતું કે ભગવાન રામ મર્યાદા પુરુષોત્તમ રામ હતાં. તેઓ ૧૪ વર્ષ વનમાં વિતાવ્યા હતાં જ્યારે તેઓએ શબરીના રાખેલા બોર ખાધાં હતાં ત્યારથી જ તેઓએ સમરસતાનો સંદેશ પણ આપ્યો હતો. અયોધ્યામાં થઇ રહેલ રામમંદિર એ મંદિર નથી પરંતુ ભારતની પરંપરા જે પહેલાં હતી તે હવે ફરીથી શરૂ થઈ રહી છે.

સમગ્ર શહેરમાં ૮૩૯ ઘરો અને ૨૮ સોસાયટીઓ મળી

કુલ ૮૬૭ જગ્યાઓએ કરવામાં આવેલ ડિસઈન્ફેકટની કામગીરી

વડોદરા,તા.૪

વડોદરા મહાનગરપાલિકાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે,વડોદરા મહાનગરપાલિકાના ડેર ટુડેરના ૨૯૬ વાહનો અને૧૧૧ ઓપન રપોટ વ્હિકલ દ્વારા સાફ સફાઇ કરવામાં આવી હતી.શહેરમાં વિવિધ ૧,૨૪૪ સ્થળોએ સાફ-સફાઇ કરી ૭૫૪ મેટન ધન કચરાને એકત્રીત કરીને તેનો નિકાલ કરવામાં આવ્યો.

અને મકરપુરા ચારેય ઝોનમાં સાફ-સફાઇની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જેમાં ૧,૪૬૫ કિલો મેલેથિયોન અને ૫,૩૪૦ કિલો ચૂનાનો છંટકાવ કરવામાં આવ્યો.હતો.વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમો દ્વારા સવાર-સાંજ પેટ્રોલીંગ કરી નાગરિકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સીંગનો હેતુ જળવાઇ તે બાબતની સમીક્ષા કરી તેનો અમલ ન કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે

કોરોના વોરિયર્સને રક્ષાસુત્ર બાંધી રક્ષાબંધન પર્વની શુભેચ્છા પાઠવી

તાલુકા કક્ષાએ પણ કોરોના વોરિયર્સ માટે રક્ષા બંધન પર્વ ઉજવી કર્મયોગીઓને પ્રોત્સાહિત કરાયા

વડોદરા તા.૦૪

ભાઈ-બહેનના પવિત્ર તહેવાર એવા રક્ષાબંધન નિમેત્તે દરેક બહેન ભાઈની રક્ષા માટેની કામના કરતી હોય છે. પરંતુ કોરોના વાયરસની મહામારીના પગલે વિશેષ પરિસ્થિત ઉભી થઈ છે ત્યારે જિલ્લા કલેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલે કોવીડ-૧૯ સામેની લડાઈમાં જોતરાયેલા આરોગ્ય, પોલીસ, મહેસૂલ વિભાગના અધિકારી-કર્મચારીઓની કલેક્ટર તરીકે નહી પણ એક બહેન તરીકે તેમની રક્ષાની કામના કરી છે. આ પ્રસંગે કલેક્ટર શ્રીમતી અગ્રવાલે પ્રતિકાત્મક રીતે આરોગ્ય સેવામાં જોડાયેલા પ્રથમ હરોળના ગ્રામ્ય વિસ્તારમા ક્વોરાન્ટાઈન સેન્ટર, કોવીડ કેર સેન્ટર અને સેમ્પલ કલેક્શનની કામાગીરીમાં જોડાયેલા કોરોના વોરિયર્સને રક્ષાસુત્ર બાંધ્યું હતું.

આ આગવા રક્ષાબંધન પર્વમાં કલેક્ટર કચેરી, વડોદરા ખાતે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કરજણ, ડભોઈ, પાદરા, શિનોર, સાવલી, ડેસર, વડોદરા ગ્રામ્ય અને વાઘોડીયા તાલુકાના કોવીડ-૧૯ સામેની લડાઈમાં યોગદાન આપનાર કોરોના વોરિયર્સ જોડાયા હતા. આ તમામ અધિકારી-કર્મચારીઓને સખીમંડળની બહેનોએ રક્ષાસુત્ર બાંધી તેમના જીવનરક્ષાની પ્રાર્થના કરી હતી. જિલ્લા કલેકટર ની સૂચના મુજબ તાલુકા કક્ષાએ પણ કોરોના વોરિયર રક્ષા બંધન પર્વ ઉજવીએ કોરોના સંકટમાં દિવસ રાત કામ કરતા કર્મયોગીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પર્વ હેઠળ ખાસ કરીને તાલુકા આરોગ્ય અમલદારો,તબીબી અધિકારીઓ, આરબીએસકે-આયુષ તબીબ, ફાર્માસીસ્ટ, બહુહેતુક આરોગ્ય કર્મચારીઓ, નર્સ બહેનો, લેબ ટેકનીશ્યનો સહિત આરોગ્યના કર્મચારીઓ,પોલીસ,નગર પાલિકા, પંચાયત અને મહેસુલી તંત્રના કર્મયોગીઓને રક્ષાસુત્ર બાંધી એમને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

જિલ્લા કલેકટરની પ્રેરણાથી ગયા વર્ષે અતિવૃષ્ટિ અને પૂરમાં બચાવ અને રાહતની ઉમદા કામગીરી કરનારા કર્મયોગીઓને રક્ષાસુત્ર બાંધી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જિલ્લા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જાણાવ્યુ કે, કોરોના મહામારી વચ્ચે રક્ષાબંધન પર્વ વિશેષ મહત્વનુ બની રહે છે. આરોગ્ય, પોલીસ, મહેસૂલ સહિતના તમામ અધિકારી-કર્મચારીઓ અને તેમની ટીમોએ સતત પોતાના જીવ અને પરિવારની ચિંતા કર્યા વગર લોકો અને સમાજ રક્ષા માટે સમગ્ર જોમ જુસ્સા સાથે ફરજ નિભાવી, દેશ-સમાજની રક્ષા માટે ખૂબ મોટુ યોગદાન આપ્યુ છે. આપણે સહુ હકારાત્મક ઉર્જા સાથે કામગીરીમાં જોડાઈ કોરોના મહામારી સામેની લાંબી લડાઈમાંથી સફળતાપૂર્વક બહાર આવીશુ તેવો તેમને વિશ્વાસવ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ વડા સુધીર દેસાઈ, અધિકા નિવાસી કલેક્ટર ડી.આર. પટેલ, જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ઉદય ટિલાવત, ડીવાયએસપી કલ્પેશ સોલંકી અને જિલ્લા આરોગ્ય તંત્રના અધિકારી-કર્મચારીઓને સંખીમંડળની બહેનોએ રક્ષાસુત્ર બાંધી તેમના જીવનરક્ષાની કામના કરી હતી.

રામમંદિર માટે મેં મારા પિતાનું શ્રાદ્ધ પણ ખાધું નથી, અતિ પ્રિય મિઠાઈ લોકોને ખવડાવી સંતોષ મેળવ્યો છે : ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

અમદાવાદ,તા.૪

રામમંદિર મુદ્દે સુપ્રીમના ચુકાદા બાદ રાજ્યના શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહની પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે. ૩૦ વર્ષ અગાઉ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએમીઠાઈ નહીં ખાવાની પ્રતિજ્ઞા લીધી હતી. ચૂડાસમાએ કહ્યું કે, રામ મંદિર માટે મેં મારા પિતાજીનુ શ્રાદ્ધ પણ ખાધુંનથી. વર્ષ૧૯૯૦થી મેં મીઠાઈ ન ખાવાની બાધા લીધી હતી. લાલકૃષ્ણ અડવાણીજીની સોમનાથથી નિકળેલી યાત્રા સમયે ભાણામાં રહેલી મિઠાઇ ન ખાધી અને એ વખતે મેં સંકલ્પ લીધો હતો. તેમણે ઉમેર્યું કેમને જ્યારે મીઠાઈ ખાવાની ઈચ્છા થાય તો અતિ પ્રિય મિઠાઈ ઓફિસમાં આવતા લોકોને ખવડાવી સંતોષ મેળવતો હતો. પછી અયોધ્યા મુદ્દે બંને કોર્ટના ચુકાદા બાદ કરોડો લોકોની આસ્થા હતી કે અયોધ્યામાં રામમંદિર બનશે, જે આજરોજ સફળ થવા જઈ રહી છે. હુંકેરોના પછી અનુકુળતાએ અયોધ્યા જઈશ.આ વિશે મળતી માહિતી પ્રમાણે, ગુજરાત સરકારના શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા આજે જોગાનુજોગ અમરેલી જિલ્લાના નેતા દિલીપ સંઘાણીના મહેમાન બન્યા હતા. ત્યારે આજથી ત્રીસ વર્ષ પહેલા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા રામમંદિરની વાત અને ચર્ચા નીકળતા તેમણે લીધેલી પ્રતિજ્ઞાની વાત નીકળી હતી. ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ પ્રતિજ્ઞા લીધી હતી કે જ્યાં સુધી રામમંદિર નિર્માણ નહીં થાય ત્યાં સુધી હું મીઠાઈ નહીં ખાવ અને ત્યારબાદ થોડા સમય બાદ જ દિલીપભાઈ સંઘાણી અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જોગાનુજોગ અયોધ્યા ગયા હતા.

વડોદરા શહેર વિસ્તારમાં

જાહેરમાં થુંકનાર અને જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકનાર પાસે ૩.૫૦૦ નો દંડ લેવાશે

વડોદરા તા.૦૪

વડોદરા શહેર વિસ્તારમાં જાહેરમાં થુંકનારા અને જાહેરમાં પોતાનો ચહેરો માસ્ક પહેરીને કે અન્ય રીતે ન ઢાંકનારા કસૂરવારો પાસે થી રૂ.૫૦૦ નો દંડ વસૂલવામાં આવશે.આ ઉપરાંત શહેરી વિસ્તારના યોગ ઇન્સ્ટિટ્યૂટ અને જીમ તા.૫ મી ઓગસ્ટથી ભારત સરકારના આરોગ્ય મંત્રાલયે ઠરાવેલી નિર્ધારિત કાર્ય પદ્ધતિ - એસ. ઓ.પી.અનુસરીને ખોલી શકાશે.

વડોદરા શહેર પોલીસ કમિશનરે ઉપરોક્ત બાબતો સહિત અનલોક ત્રણને લગતા ભારત સરકાર અને ગુજરાત સરકારના જાહેરનામાની વિવિધ જોગવાઈઓ હેઠળ વડોદરા શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૧ લી ઓગસ્ટ થી ૩૧ મી ઓગસ્ટ સુધી અમલ જાહેર કરતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

તેના પગલે રાત્રિ કરફ્યુમાં થી મુક્તિ,દુકાનો રાત્રે ૮ વાગ્યા અને હોટેલ - રેસ્ટોરન્ટ રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રાખવા સહિતના નિયમો અમલી બનશે.સોશીયલ ડિસ્ટન્સ ના પાલન સહિતની નિયંત્રક બાબતો પાળવાની રહેશે.

કોવિડ પોઝિટિવ કેસો વાળા વિસ્તારોમાં કન્ટેન્ટ મેન્ટ અમલના નિયમો પાળવાના રહેશે.અનલોક ત્રણ ના જાહેરનામા ની જોગવાઈઓનું ઉલ્લંઘન ડિઝાસ્ટર મેનજમેન્ટના કાયદા અને ઇન્ડિયન પીનલ કોડની જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહીને પાત્ર ઠરશે.

INEOS STYROLUTION

INEOS STYROLUTION INDIA LIMITED

Registered Office : 5th Floor, OHM House - II, OHM Business Park, Subhanpura, Vadodara - 390 023, Gujarat.

CIN : L25200GJ1973PLC002436

Tel. No : +91 265 2303201 **Fax No :** +91 265 2303203

E mail : INSTY.secshare@ineos.com | **Website :** www.ineosstyrolutionindia.com

Notice of 47th Annual General Meeting and E-voting information

NOTICE is hereby given that, in compliance with all the applicable provisions of the Companies Act, 2013 and the Rules made there under and the Securities and Exchange Board of India (SEBI) (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (Listing Regulations), as amended from time to time, read with General Circular No. 14/2020 dated April 08, 2020, 17/2020 dated April 13, 2020 and 20/2020 dated May 05, 2020, SEBI Circular no. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 dated May 12, 2020and other applicable circulars, if any, issued by the Ministry of Corporate Affairs (MCA) (collectively referred to as "MCA circulars") and SEBI, **the 47th Annual General Meeting ('AGM')** of the Company will be held on **Thursday, August 27, 2020 at 11.00 a.m.** through **Video Conferencing ("VC") / Other Audio Visual Means ("OAVM")** to consider and transact business as set forth in the Notice convening the AGM.

Members attending the AGM through VC / OAVM shall be counted for the purpose of reckoning quorum under Section 103 of Companies Act, 2013.

The Notice of the 47th AGM along with the Annual Report for the Financial year 2019-20, has been dispatched through electronic mode to all the Members whose email addresses are registered with the Company / Depositories and the dispatch has been completed on August 04, 2020.

Members may note that the said Notice and Annual Report are available on the Company's website www.ineosstyrolutionindia.com, websites of Stock Exchanges, i.e. BSE Limited (BSE) and National Stock Exchange of India Limited (NSE) at www.bseindia.com and www.nseindia.com respectively and on the website of the Central Depository Services (India) Limited (CDSL), the agency appointed for conducting remote e-voting, e-voting during the AGM and VC, www.evotingindia.com.

Members holding shares either in physical form or dematerialized form, as on the cut- off date i.e. **August 20, 2020,** will have the opportunity to cast their votes electronically on the business as set forth in the notice of the AGM, through electronic voting system of CDSL, from a place other than the venue of the AGM. All the members are informed that :

i. The remote e-voting shall commence on **August 24, 2020 (9.00 a.m. IST)**;

ii. The remote e-voting shall end on **August 26, 2020 (5:00 p.m. IST)** after which the e-voting module shall be disabled by CDSL and remote e-voting shall not be allowed beyond the said time;

iii. Any person who becomes the member of the Company after dispatch of the annual report and holding shares as on the cut-off date may obtain User ID and Password by sending a request at vadodara@linkintime.co.in;

VOTING THROUGH ELECTRONIC MEANS

- The manner of voting remotely (remote e-voting) by members holding shares in dematerialized mode, physical mode and for members who have not registered their email addresses has been provided in the Notice of the AGM. The details will also be available on the website of the Company, BSE, NSE and CDSL.
- The facility of e-voting through electronic voting system will also be made available during the AGM. Only those shareholders, who are present in the AGM through VC / OAVM facility and have not cast their vote on the Resolution/s through remote e-voting and are otherwise not barred from doing so, shall be eligible to vote through e-Voting system available during the AGM. Members who have cast their vote through remote e-voting will not be entitled to vote again at the AGM.
- The login credentials for casting votes through e-voting shall be made available to the members through email. Members who do not receive email or whose email addresses are not registered with the Company / Depository Participant(s), may generate login credentials by following instructions given in the Notes to Notice of AGM.
- The same login credentials may also be used for attending the AGM through VC / OAVM.
- Members are requested to carefully read all the Notes set out in the Notice of the 47th AGM and in particular, instructions for joining the AGM, manner of casting vote through remote e-voting or e-voting during the process of AGM.
- In case of any queries or issues regarding attending AGM & e-Voting from the e-Voting System, you may refer the Frequently Asked Questions ("FAQs") and e-voting manual available at www.evotingindia.com, under help section or write an email to helpdesk.evoting@cdslindia.com or contact Mr. Nitin Kunder (022 - 23058738) or Mr. Mehboob Lakhani (022 - 23058543) or Mr. Rakesh Dalvi (022 - 23058542).

By order of the Board
For INEOS Styrolution India Limited
sd/-
Abhijaat Sinha
Head - Legal and Company Secretary

Date : August 05, 2020
Place : Vadodara

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

પાણી અંગેની અગત્યની જાહેરાત

આથી, જાહેરા જનતા ને જણાવવાનું કે, વડોદરા મહાનગરપાલિકાની પાણી પુરવઠા વિતરણ શાખા હસ્તકની ૬૦૦ મીમી વ્યાસ પાણી વિતરણ કરતી મુખ્ય ફીડર લાઇન આંબેડકર સર્કલથી માર્બલ આર્ચ કોમ્પ્લેક્ષ સુધી બ્રીજના અપ વીંગના પાઇલ ફાઉન્ડેશનમાં નડતરરૂપ હોય સદર ૬૦૦ મીમી વ્યાસ પાણીની મુખ્ય ફિડર નળિકા શીફટીંગ કરવાની કામગીરી તા.૦૬.૦૮.૨૦૨૦ ના રોજ સવારના પાણી વિતરણ બાદ લેવાની હોવાથી અકોટા ટાંકી તથા કલાલી ટાંકીથી તા.૦૬.૦૮.૨૦૨૦ ના રોજ સાંજના સમયે પાણી વિતરણ કરવામાં આવશે નહી તથા તા.૦૭.૦૮.૨૦૨૦ ના રોજ સવારના સમયે હળવા દબાણે, ઓછા સમય માટે તથા વિલંબથી પાણી વિતરણ કરવામાં આવશે. જેની આ વિસ્તારના નાગરીકોએ જાણમાં લઇ સાથ સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં. 346/૨૦૨૦-૨૧

કાર્યપાલક ઇજનેર (પા.પુ.વિતરણ)